# <u>અંગ્રેજી ભવન</u>
# <u>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી</u>
## <u>અભ્યાસક્રમ</u>
## <u>સર્ટિફિકેટ કોર્સ  ઇન ડ્રામા અને ડાન્સ (સીસીડીડી)</u>

સાહિત્ય, સંગીત અને કલાઓ, આ બધું જ વિદ્યાર્થીના વિકાસ અને વ્યક્તિત્વ નિખારવા માટે અને સુગ્રથિત સમગ્ર વ્યક્તિત્વ રચવા માટે જરૂરી છે.

- રબીન્દ્રનાથ ટાગોર

• **કોર્સ વિશેની માહિતી:**

નાટ્ય કળા (નાટક) વિવિધ તત્વોને જોડે છે જેમનું લક્ષ્ય પ્રેક્ષકોને ચોક્કસ લાગણી અથવા મનોસ્થિતિ પર અસર કરવાનું છે. આ કળા નાટક, સંગીત, નૃત્ય, નકલ અને વિવિધ વિશિષ્ટ તકનીકોના શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

નૃત્યએ પણ એક કળાનું સ્વરૂપ છે જેનો ઇરાદો શરીરની ગતિવિધિઓ અને ચોક્કસ લય પર માનવ શરીરને કલાત્મક રીતે દિશામાન કરવાનો છે. નૃત્ય કળા એ સંગીત, ભાવનાત્મક છબીઓ અને નૃત્યનિર્દેશનાત્મક રચના, આકૃતિઓ અને હલનચલન દ્વારા વિષયવસ્તુ વ્યક્તિત્વ સાથે જોડાયેલ છે. નૃત્ય કળાનો ઉપયોગ વ્યક્તિગત અભિવ્યક્તિ તેમજ સામાજિક જાગૃતિ તરીકે થાય છે.

નાટક અને નૃત્યના અભ્યાસક્રમમાં નીચેના વિષયોને આવરી લેવામાં આવ્યા છે: વોઈસ એન્ડ સ્પીચ,  ઇમ્પ્રોવાઇઝેશન, બોડી મૂવમેન્ટ, થિયેટર ગેમ્સ, સ્ટેજનાં ભાગો, સ્ટેજ એન્ડ લાઇટ, સાઉન્ડ ટેકનિક, થિયેટર એન્ડ  પર્સનાલિટી, માઇમ અને ડાન્સ સ્ટેપ્સ(હાવભાવ સાથે), વોઇસ પ્રોજેક્શન, બોડી લેંગ્વેજ, હાવભાવ અને મુદ્રા, ઉચ્ચારણ, મેડિટેશન, પ્રાણાયામ, પ્રેઝન્ટેશન, ડ્રામા અને ડાન્સ (મોનોલોગ, વન એક્ટ પ્લે વગેરે), ભારતીય નૃત્યનાં પ્રકારો વગેરે

અંગ્રેજી ભવન, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ડ્રામા એન્ડ ડાન્સનો સર્ટિફિકેટ કોર્સ ઓફર કરે છે, જેનો હેતુ શીખનારાઓને ડ્રામા અને ડાન્સની કળાનો મૂળભૂત પરિચય પૂરો પાડવાનો છે. આ અભ્યાસક્રમ થિયરી અને પ્રેક્ટીકલ બંને બાબતોનો અભ્યાસ પ્રદાન કરશે.

- **કોર્સના ઉદ્દેશોઃ**
  - વ્યવસાય તરીકે પરફોર્મિંગ આર્ટ્સના અભ્યાસને પ્રોત્સાહિત કરવો.
  - ઉચ્ચ કક્ષાના કલાકારો બની શકે તેવી તાલીમ આપવી અને તેમનાં ભવિષ્યનું નિર્માણ કરવું.
  - નાટક, નૃત્ય, દિગ્દર્શન, સ્ક્રીન પ્લે ક્ષેત્રમાં સ્પર્ધા કરવા માટે શીખનારાઓને સક્ષમ બનાવવા.
  - તણાવ/હતાશા વિના ખુશખુશાલ જીવન જીવવા મદદરૂપ થવું.
  - વ્યક્તિત્વનો વિકાસ કરવો.
  - આ નાટકના કોર્ષનો અમલ કરીને અને તેમની શીખેલી કુશળતાઓ મારફતે સમાજમાં સમાજ સુધારકની ભૂમિકા ભજવવા સક્ષમ બનાવવા જેથી તેઓ ભારતના જવાબદાર નાગરિક બની શકે.
- **કોર્સ પૂર્ણ કર્યેથી નીચેનાં પરિણામો પ્રાપ્ત કરી શકાશે.:** અભ્યાસક્રમ પૂર્ણ કર્યે વિદ્યાર્થીઓ:
  - તેમની વાતચીત કરવાની કુશળતા કેળવશે.
  - તેમનામાં રહેલો સ્ટેજ પ્રત્યેનો ડર દૂર થશે.
  - તેમનામાં રહેલ તણાવ/હતાશા દૂર થશે.
  - તેઓના વ્યક્તિત્વનો વિકાસ થશે.
  - નૃત્ય અને નાટકનું પાયાનું જ્ઞાન શીખશે.
  - થિયેટર, વોઈસ પ્રોજેક્સન, ડિરેક્શન, પ્રોડક્શન, લાઈટ, ડાન્સ સ્ટાઈલનું મૂળભૂત જ્ઞાન શીખશે.
  - યોગ્ય મુદ્રા અને હાવભાવનું મહત્ત્વ સમજશે.
- **સમયગાળો:** ૬૦ કલાક
- **સંખ્યા:** ૬૦
- **કોર્સ ફીઃ** ૩૦૦૦/- (પરીક્ષા ફી સહિત ત્રણ હજાર)
- **યોગ્યતાઃ** હાઈસ્કૂલ (૧૦મું ધોરણ) પાસ કરેલ કોઈ પણ વ્યક્તિ
- **માધ્યમ:** અંગ્રેજી અને ગુજરાતી
- **ડ્રામા એન્ડ ડાન્સ કોર્સમાં સર્ટિફિકેટ માટે કારકિર્દીની સંભાવના:**
  - શૈક્ષણિક સંસ્થાઓ
  - ડાન્સ અને ડ્રામા સ્કૂલ્સ

- ફિલ્મ ક્ષેત્રે
- થિયેટર ક્ષેત્રે
- ભારતીય શાસ્ત્રીય નૃત્ય કેન્દ્રો
- મ્યુઝિક બેન્ડ્સ
- ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ
- સ્ક્રીન-પ્લે લેખન
- સ્ટેજ-પ્લે

❖ **કોર્સની માહિતી:**

| **એકમ. નંબર** | **એકમનાં સમાવિષ્ટો** | **અધ્યાપન સમય** | **ક્રેડીટ** |
|---|---|---|---|
| એકમ-૧ | નાટક:<br>વોઇસ પ્રોજેક્શન, ઇમ્પ્રોવાઇઝેશન, બોડી મૂવમેન્ટ, થિયેટર ગેમ્સ, સ્ટેજના ભાગો, સ્ટેજ અને લાઇટ, સાઉન્ડ ટેકનિક, થિયેટર અને પર્સનાલિટી, અભિનયના પ્રકારો, મેકઅપ, કોસ્ચ્યુમ્સ, સેટ ડીઝાઈન. થીયેટરમાં ટેકનોલોજીનો ઉપયોગ, સંવાદ, સર્જનાત્મક લેખન, પ્રસિદ્ધ નાટ્યકારો, | ૨૧ કલાક | |
| એકમ-૨ | નૃત્ય:<br>માઇમ અને ડાન્સ સ્ટેપ્સ, બોડી લેંગ્વેજ અને મૂવમેન્ટ્સ, હાવભાવ અને મુદ્રાઓ, પ્રેઝન્ટેશન, ચહેરાના હાવભાવનું મહત્વ, નૃત્યમાં | ૨૧ કલાક | 3 |

| | | | |
|---|---|---|---|
| | કાવ્યનું મહત્વ, પ્રસિદ્ધ નૃત્યકારો, રીધમ, એક્ટિંગનાં પ્રકારો (નૃત્ય સાથે), બીજી કલાઓ સાથે નૃત્યનું સંબંધ | | |
| એકમ-૩ | ધ્યાન અને તેનું મહત્વ પ્રાણાયામ અને તેનું મહત્વ, પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ, રંગમંચની કળા દ્વારા વ્યવસાયિક પ્રગતિ | ૬ કલાક | |
| એકમ-૪ | સંગીતની મૂળભૂત બાબતો, સંગીતનાં નોટેશન્સ, બેકગ્રાઉન્ડ મ્યુઝીક, કોમર્સિયલ ફિલ્મોમાં સંગીત અને લેખનની વિશિષ્ઠતા, નાટક અને ફિલ્મોમાં સંગીતની ભૂમિકા, પ્રસિદ્ધ સંગીતકારો | ૧૨ કલાક | |

❖ **પાસિંગ માપદંડ:**

વિદ્યાર્થીએ દરેક વિભાગમાં એટલે કે આંતરિક અને બાહ્યમાં 40% માર્ક્સ મેળવવા પડશે. (આંતરિક પરીક્ષામાં ૧૨/૩૦ અને બાહ્ય પરીક્ષામાં ૨૮/૭૦)

❖ **સર્ટિફિકેશન:**

આ સર્ટિફિકેટ કોર્ષમાં જોડાનાર તમામ ઉમેદવારોને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા પ્રમાણપત્ર (માર્કશીટ) આપવામાં આવશે.

❖ **પરીક્ષાની પેપર પદ્ધતિ:**

આંતરિક મૂલ્યાંકન મૌખિક ઇન્ટરવ્યૂ (વિવા વોસે) દ્વારા થશે. જેના 30 ગુણ છે. બાહ્ય પરીક્ષા 70 ગુણની હશે (કુલ આંતરિક + બાહ્ય = 100)

| થિયરી | માર્કસ | સમય |
|---|---|---|
| પાંત્રીસ એમસીક્યુ(MCQ) હશે.<br>દરેક પ્રશ્નનો એક ગુણ હશે. | ૩૫ માર્કસ | ૪૫ મિનીટ |
| **પ્રેક્ટિકલ** | **માર્કસ** | **સમય** |
| સ્ટેજ પર પ્રદર્શન | ૩૫ માર્કસ | ૪૫ મિનીટ |

❖ પરીક્ષા/મૂલ્યાંકનની ભાષા: ગુજરાતી/અંગ્રેજી (વિદ્યાર્થી પસંદગી કરી શકશે)

**નોંધ:**

**આ કોર્સ વિદ્યાર્થીઓ ઉપરાંત કંપની સ્ટાફ, સ્કુલ/કોલેજ સ્ટાફ, મેડીકલ સ્ટાફ, માર્કેટિંગ સ્ટાફ તેમજ દરેક પ્રોફેસ્નલ્સ માટે ઉપયોગી સાબિત થશે.**

*********************************